# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં ત્રણેય સેનાઓ વચ્ચેના સંકલનને કારણે પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી.
2. પ્રધાનમંત્રીએ ગોવા અને કારવારમાં INS વિક્રાંત પર નૌકાદળ સાથે દિવાળીની ઉજવણી કરી – કહ્યું, INS વિક્રાંત આત્મનિર્ભર ભારત અને મેડ ઇન ઇન્ડિયાનું પ્રતીક છે.
3. સમગ્ર દેશમાં આજે પ્રકાશના પર્વ, દિવાળીની પરંપરાગત, આનંદ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે
4. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું તહેવારો દરમિયાન મુસાફરોની માંગને પહોંચી વળવા માટે વ્યાપક વ્યવસ્થા કરાઇ છે
5. બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા આજે પૂર્ણ થઇ.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM – GOA INS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણેય સેનાઓ વચ્ચેના અસાધારણ સંકલનને કારણે પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી હતી. પ્રધાનમંત્રીએ આજે ગોવા અને કારવાર દરિયાકાંઠે INS વિક્રાંત પર નૌકાદળના કર્મચારીઓ સાથે દિવાળીની ઉજવણી કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ - પીએમ ઓપરેશન સિંદૂર 18s )

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ, INS વિક્રાંત, ભારતના સશસ્ત્ર દળોની ક્ષમતાઓ દર્શાવે છે. તેમણે કહ્યું કે INS વિક્રાંત માત્ર એક યુદ્ધ જહાજ નથી; તે 21મી સદીમાં ભારતની પ્રતિભા, દૃઢ નિશ્ચય અને વૈશ્વિક પ્રભાવનો પુરાવો છે. તેમણે કહ્યું કે INS વિક્રાંત આત્મનિર્ભર ભારત અને મેડ ઇન ઇન્ડિયાનું એક વિશાળ પ્રતીક છે.

(બાઇટ - પીએમ આત્મનિર્ભર ભારત 29s )

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે છેલ્લા દાયકામાં ભારતનું સંરક્ષણ ઉત્પાદન ત્રણ ગણું વધીને દોઢ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.

(Byte - PM Defense Production22s )

પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ભાગ્યશાળી છે કે તેઓ નૌકાદળના કર્મચારીઓ સાથે આ પવિત્ર તહેવારની ઉજવણી કરી રહ્યા છે.

-------------

# DIWALI CELEBRATION

સમગ્ર દેશમાં આજે પ્રકાશના પર્વ,  દિવાળીની પરંપરાગત, આનંદ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. દિવાળી પર મંદિરો, ઘરો અને જાહેર સ્થળોને દીવાઓ અને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર )

*(દિવાળી કાર્તિક મહિનાના અમાસના દિવસે આવે છે. આધ્યાત્મિક રીતે, આ તહેવાર અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે. હિન્દુ સનાતન સંસ્કૃતિમાં દિવાળી સાથે જોડાયેલી ઘણી માન્યતાઓ છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે ભગવાન શ્રી રામ ૧૪ વર્ષનો વનવાસ પૂર્ણ કરીને અયોધ્યા પાછા ફર્યા હતા. આ પ્રસંગે, અયોધ્યાના લોકોએ તેમનું સ્વાગત કરવા માટે દીવા પ્રગટાવ્યા હતા. શીખ, બૌદ્ધ અને જૈનો પણ ખાસ ઉત્સાહથી દિવાળી ઉજવે છે.*

*અજય ઇન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ. )*

-------------

# DIWALI SHUBHECHHA

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પ્રાર્થના કરી કે આ તહેવાર બધા માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે દિવાળી અજ્ઞાન પર જ્ઞાનની જીતની ઉજવણી કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ તહેવાર તમામ નાગરિકોના જીવનને

સદ્દભાવના, ખુશી અને સમૃદ્ધિના પ્રકાશથી પ્રકાશિત કરે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી હતી. ગૃહમંત્રી અમિત શાહે બધા માટે સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી.

ગુજરાતના રાજ્યાપાલ આચાર્ય દેવવ્રત, અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે.

-------------

# Vice President's Diwali greetings

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા અને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા અને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

-------------

# Diplomatic Mission Diwali

નવી દિલ્હીમાં વિદેશી દૂતાવાસોએ આજે દિવાળી ઉજવણીનું આયોજન કર્યું અને સાંસ્કૃતિક સંવાદિતાના હૃદયસ્પર્શી પ્રદર્શનમાં ભાગ

લીધો. ભારતના લોકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. ફિનલેન્ડ, ઇઝરાયલ, ઑસ્ટ્રિયા, બ્રાઝિલ, સ્વિટ્ઝર્લૅન્ડ અને યુરોપિયન યુનિયનના દૂતાવાસોએ આ પ્રસંગને આનંદ અને રંગથી ભરી દીધો.

પ્રકાશનો તહેવાર દિવાળી ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને એકતા અને સંવાદિતાના તેના સાર્વત્રિક સંદેશને પ્રતિબિંબિત કરે છે.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# President's visit to Kerala

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે ચાર દિવસની મુલાકાતે કેરળ જશે. રાષ્ટ્રપતિ બુધવારે સબરીમાલા મંદિરની મુલાકાત લેશે. તેઓ ગુરુવારે તિરુવનંતપુરમમાં રાજભવન ખાતે પૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણનની પ્રતિમાનું અનાવરણ કરશે. રાષ્ટ્રપતિ શ્રી નારાયણ ગુરુના મહાસમાધિ શતાબ્દી સમારોહમાં પણ હાજરી આપશે. રાષ્ટ્રપતિ એર્નાકુલમમાં સેન્ટ ટેરેસા કોલેજ અને પાલામાં સેન્ટ થોમસ કોલેજના કાર્યક્રમોમાં પણ હાજરી આપશે.

-------------

# Delhi - Railway Bhawan

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજધાની દિલ્હીમાં રેલ્વે બોર્ડના વોર રૂમની મુલાકાત લીધી હતી, તેમણે તહેવારો દરમિયાન મુસાફરોની અવરજવરની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે તેમણે ચોવીસ કલાક કામ કરતા કર્મચારીઓની પ્રશંસા અને તેમને દિવાળીની શુભકામનાઓ પાઠવી. બેઠક દરમિયાન, શ્રી વૈષ્ણવે ઉત્તરપૂર્વ, પૂર્વ-મધ્ય અને પૂર્વીય રેલ્વેના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી અને તેમને ટ્રેનોના સમયપાલન અંગે સૂચનાઓ આપી હતી.

આ વર્ષે, રેલ્વેએ ચાલુ તહેવારો દરમિયાન મુસાફરોની વધતી જતી મુસાફરીની માંગને પહોંચી વળવા માટે વ્યાપક વ્યવસ્થા કરી છે. દિવાળી અને છઠ દરમિયાન મુસાફરોને સરળ, સલામત અને આરામદાયક મુસાફરીનો અનુભવ પૂરો પાડવા માટે, ભારતીય રેલ્વે 12 હજારથી વધુ વિશેષ ટ્રેનો ચલાવી રહી છે.

-------------

## Bihar Elections

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ આજે પૂરી થઈ છે. કુલ ૧ હજાર ૩૧૪ ઉમેદવારો હવે ૧૨૧ વિધાનસભા મતવિસ્તારો માટે ચૂંટણી લડી રહ્યા છે. આ તબક્કામાં ૬૧ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચ્યા છે.

૧૮ જિલ્લાઓમાં ૧૨૧ વિધાનસભા મતવિસ્તારો માટે કુલ ૧ હજાર ૬૯૦ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા, જેમાંથી ૧ હજાર ૩૭૫ માન્ય જાહેર થયા હતા. પ્રથમ તબક્કા માટે મતદાન ૬ નવેમ્બરના રોજ થશે.

દરમિયાન, વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખ પૂરી થઈ ગઈ છે. આમાં ૨૦ જિલ્લાઓમાં ૧૨૨ મતવિસ્તારોનો સમાવેશ થાય છે. ઉમેદવારી પત્રોની

ચકાસણી આવતીકાલે થશે, અને ઉમેદવારો ૨૩ ઓક્ટોબર સુધી પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકશે.

-------------

# Israel-Gaza ceasefire

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે પેલેસ્ટાઇન પ્રતિકાર આંદોલન હમાસ અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ યથાવત છે, જોકે ઇઝરાયલ ઘાતક હુમલાઓ ચાલુ રાખે છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટિપ્પણીઓ ત્યારે આવી જ્યારે ઇઝરાયલે આજે ગાઝા પટ્ટી પર બીજો હવાઈ હુમલો કર્યો. આ હુમલાઓમાં એક પત્રકાર સહિત 15 થી વધુ નાગરિકો માર્યા ગયા. આ ઘટના રફાહ નજીક વિસ્ફોટમાં બે ઇઝરાયલી સૈનિકોના મૃત્યુ પછી બની હતી.

ઇઝરાયલી સૈન્યના જણાવ્યા અનુસાર, હમાસના લડવૈયાઓએ રફાહમાં તૈનાત ઇઝરાયલી સૈનિકો પર હુમલો કર્યો હોવાના અહેવાલ છે. દરમિયાન, હમાસે કહ્યું કે તે યુદ્ધવિરામ માટે પ્રતિબદ્ધ છે, પરંતુ ઇઝરાયલ તે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે, જેના કારણે દ્વિપક્ષીય સંઘર્ષનું જોખમ વધી રહ્યું છે.

-------------

# 5 PAK SOLDIERS KILLED IN TTP ATTACK

તાલિબાન આતંકવાદીઓએ આજે પાકિસ્તાનમાં સરકારી ગેસ કંપનીની ટીમનું રક્ષણ કરી રહેલા અર્ધલશ્કરી દળો પર ઘાતક હુમલો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આ હુમલામાં 5 અર્ધલશ્કરી સૈનિકો માર્યા ગયા 12 ઘાયલ થયા હતા. હતા.

આ ઘટના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ડેરા ઇસ્માઇલ ખાન જિલ્લામાં કોટ લાલુ નજીક બની હતી, જ્યાં સૈનિકો સુઇ નોર્ધન ગેસ પાઇપલાઇન કંપનીના કામદારોને રક્ષણ આપી રહ્યા હતા.

અધિકારીઓનું કહેવું છે કે હુમલાખોરો પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના હતા. આતંકવાદીઓએ ચેતવણી આપ્યા વિના ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહીમાં, સુરક્ષા દળોએ 8 આતંકવાદીઓને મારી નાખ્યા હતા.

-------------

# REV. ICC WOMEN'S WORLD CUP

ICC મહિલા વિશ્વ કપ ક્રિકેટમાં, બાંગ્લાદેશે મુંબઈમાં ડૉ. ડી.વાય. પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે શ્રીલંકાને 202 રનમાં ઓલઆઉટ કર્યું.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, શ્રીલંકાએ 48.4 ઓવરમાં 9 વિકેટે 202 રન બનાવ્યા હતા. બંને ટીમોના બે-બે પોઈન્ટ છે અને તેઓ જીત સાથે સેમિફાઇનલની આશા જીવંત રાખવાનો પ્રયાસ કરશે. છેલ્લા અહેવાલો મુજબ બાંગ્લાદેશે 15 ઓવરમાં 2 વિકેટે 42 રન બનાવ્યા હતા.

-------------